મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત શાળા, કોલેજો, યુનિવર્સિટીઓમાં તથા શૈક્ષણિક સંસ્થાઓમાં સઘન અને અસરકારક સફાઇ ઝુંબેશ અંગેનો કાર્યક્રમ. તા. **૩૦.૪.૨૦૧૫ થી ૨.૫.૨૦૧૫**

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ પરચ-૧૦૨૦૧૪-૨૭૬-પર,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૨૯.૪.૨૦૧૫

**વંચાણે લીધાઃ-**

૧. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો પરિપત્ર ક્રઃ મસમ-૧૦૨૦૧૫-૨૭-MGSM Cell, તા. ૨૩.૪.૨૦૧૫

**પરિપત્રઃ-**

મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી જન્મજયંતી, ૨ ઓકટોબર, ૨૦૧૯ સુધીમાં સ્વચ્છ ભારતની ભેટ તેમને આપી **"સ્વચ્છ અને સ્વસ્થ ભારત"** બનાવવા વડાપ્રધાનશ્રીએ કરેલા આહવાનના ભાગરુપે રાજય સરકારે તા. ૨૪.૯.૨૦૧૪ અને ઉપર વંચાણે લીધેલ ક્રમાંકઃ ૧ પરના પરિપત્રથી સરકારશ્રીએ સૂચનાઓ બહાર પાડેલ છે. ગુજરાત રાજય સ્થાપના દિન નિમિત્તે સમગ્ર રાજયમાં તા. ૧.૫.૨૦૧૫ થીતા. ૧૫.૫.૨૦૧૫ દરમ્યાન સફાઇ ઝુંબેશમાં સરકારની સાથે રાજયના તમામ નાગરિકો સહભાગી થાય, લોકોમાં સ્વચ્છતા અંગેની જાગૃતિ આવે અને સ્વચ્છતાની ટેવ કેળવાય તે માટે સરકારશ્રીએ સૂચનાઓ બહાર પાડેલ છે જેનો અમલ શિક્ષણ વિભાગની સંસ્થાઓમાં બે તબકકામાં કરવાનું વિભાગે આયોજન કરેલ છે.

રાજયની તમામ પ્રાથમિક શાળાઓ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રો, કોલેજો, ઇજનેરી કોલેજો, પોલીટેકનીક, યુનિવર્સિટીઓ તથા અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં પણ ભારત સરકાર અને રાજય સરકારના દીશા નિર્દેશ મુજબ સફાઇ માટે સઘન અને અસરકારક સફાઇ ઝુંબેશનું આયોજન તા. ૩૦.૪.૨૦૧૫ થી ૨.૫.૨૦૧૫ દરમ્યાન પ્રથમ તબકકના ભાગરુપે કરવાનું રહેશે. આ સફાઇ ઝુંબેશમાં પાણીની ટાંકીની સફાઇ, ડ્રેનેજ સફાઇ અને

ટોયલેટ બ્લોકસ ઉપરાંત દરેક શૈક્ષણિક સંકુલમાં સફાઇ માટે પૂરતી કાળજી લેવાય તેનું આયોજન કરવાનું રહેશે.

બીજા તબકકામાં ૮ મી જુન પછી આયોજન હાથ ધરવા વિધિવત સૂચનાઓ હવે પછી બહાર પાડવામાં આવશે.

સંબંધિત યુનિવર્સિટીના કુલપતિશ્રીઓ, સંસ્થાઓના આચાર્યો તથા અધ્યાપકોએ આ કાર્યક્રમ સામાજિક સહભાગીદારીથી સફળ બનાવવાનો હોઇ તેમાં સામેલ થવાનું રહેશે. આ સફાઇ ઝુંબેશના ભાગરુપે કરવામાં આવેલ કામગીરી માટે સફાઇ પહેલાં, સફાઇ પછીની સ્થિતિનો અહેવાલ તૈયાર રાખવાનો રહેશે અને સરકારશ્રીમાંથી માંગણી થયેથી રજુ કરવાનો રહેશે. આ માટે સફાઇ કામ પહેલાં અને સફાઇ કામ પૂર્ણ કર્યા પછી ફોટોગ્રાફી કરાવવાની રહેશે.

ઉકત સૂચનાઓનું ચુસ્તપણે પાલન થાય તેની તજવીજ સંબંધિત કુલપતિશ્રી તથા કોલેજ કક્ષાએસંબંધિત આચાર્યોએ યુનિવર્સિટી તથા સંલગ્ન કોલેજો માટે કરવાની રહેશે. શાળાઓ માટે સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ કરવાની રહેશે અને તેનો સમરી રીપોર્ટ પણ તૈયાર કરવાનો રહેશે.

( ડી. એમ. ચારણ )
ઉપસચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન. મંત્રીશ્રી, શિક્ષણના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ- ૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી, (ઉચ્ચ શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ- ૨, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ- ૧, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શિક્ષણના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, ઉચ્ચ શિક્ષણના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ.
- અધિક સચિવશ્રી /સંયુકત સચિવશ્રી/નાયબ સચિવશ્રી/ઉપસચિવશ્રી... શિક્ષણ વિભાગ.
- તમામ ખાતાના વડાશ્રીઓની કચેરી.
- તમામ યુનિવર્સિટીના કુલપતિશ્રીઓ.... ( યાદી મુજબ )

- તમામ સ્વાયત્ત સંસ્થાઓ, સોસાયટીઝ, (યાદી મુજબ)
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ.....
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ...
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- તમામ શાખાઓ.
- સીલેકટ ફાઇલ